Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-2, September-2018

# ભારતના આંતરરાષ્ટ્રીય સંબંધોમાં ગાંધી નેહરુ અને સરદાર પટેલની ભૂમિકા

**ડૉ. અર્ચના બનસોડ**
આસિસ્ટન્ટ પ્રોફેસર-સેન્ટર ફોર સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઓન લાઇફ એન્ડ વર્ક્સ ઓફ સરદાર વલ્લભભાઇ પટેલ(સેરલિપ) વલ્લભ વિદ્યાનગર

મહાત્મા ગાંધી, જવાહરલાલ નેહરુ અને સરદાર વલ્લભાઇ પટેલની ભારતની વિદેશનીતિના ઘડતરમાં જે ભૂમિકા રહી તેનું વિશ્લેષણ કરવું જેટલું રસપ્રદ છે, તેટલું અગત્યનું પણ છે. એક વ્યાપક માન્યતા એવી છે કે, પંડિત નેહરુએ ભારતની વિદેશનીતિને ઘાટ આપ્યો, નિર્માણ કર્યું. એનું સ્પષ્ટ કારણ એ છે કે તે સમયના રાષ્ટ્રવાદી નેતાઓની તુલનામાં નેહરુ આંતરરાષ્ટ્રીય સંબંધો અથવા વિદેશનીતિની બાબતમાં વધારે સૂઝ અને સમજ ધરાવતી વ્યક્તિ હતા. ઉપરાંત સાર્વભૌમ અને સ્વતંત્ર ભારતના વિદેશ પ્રધાન અને વડાપ્રધાન તરીકે શરૂઆતના 17 વર્ષ સુધી કામ કર્યું.[1]

મૂળ વિષય પર આપણે આગળ વધીયે એ પહેલાં ઇતિહાસ અને રાજકારણના એક અભ્યાસુ તરીકે અતિ સંક્ષિપ્તમાં સહુનું ધ્યાન દોરી રહી છું.

1. દ્વિતીય વિશ્વયુદ્ધના અંત પછી આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ભારે પરિવર્તન આવ્યું.
2. ભારતની આઝાદી પછી સામ્રાજ્યવાદી સત્તાચક્રમાં ફસાયેલા નાના મોટા રાષ્ટ્રોની આઝાદીનો યુગ શરૂ થયો. સાર્વભૌમ રાષ્ટ્રોની સંખ્યા વધી.
3. અમેરીકા અને રશિયા વચ્ચેના વૈમનસ્યને કારણે વિશ્વ બે ભાગમાં વેહંચાયું. શસ્ત્રોની હોડ વધી. ઠંડુ યુદ્ધ શરૂ થયું.

બદલાયેલી આ પરિસ્થિતિમાં વિદેશનીતિના ક્ષેત્રમાં ભારતની ભૂમિકા પડકારરૂપ અને કસોટી ભરી રહી.

સદભાગ્યે મહાત્મા ગાંધીના મૂળભૂત સિદ્ધાંતો અને આદર્શોએ વિદેશનીતિના નિર્ધારણમાં પ્રેરણારૂપ મહત્વની ભૂમિકા અદા કરી. અહિંસા, સત્ય, માનવી અને સમષ્ટિના સંદર્ભમાં આર્થિક, સામાજિક અને રાજકીય ન્યાય તથા રંગભેદ વિરોધી નીતિના સિદ્ધાંતોનો ભારતની વિદેશનીતિમાં સમાવેશ કરવામાં આવ્યો.

1. બિનજોડાણની નીતિ મુજબ સ્વતંત્ર વિદેશનીતિઃ જે ગુણવત્તાના ધોરણે કોઇપણ પ્રસ્નનો સ્વીકાર કે અસ્વીકાર કરે એવી સ્પષ્ટ નીતિ.
2. જાતિવાદ અને રંગભેદ વિરુદ્ધ તથા સામ્રાજ્યવાદી વ્યવસ્થાની સામે લડવા માટે નૈતિક, રાજકીય અને આર્થિક સહકારની તત્પરતા.
3. આંતરરાષ્ટ્રીય શાંતિ-સમજુતી અને શસ્ત્રોની સામે અહિંસક સમાજની અગત્યતા[2]

ગાંધીવાદી મૂલ્યોની અસર હેઠળ જવાહરલાલ નેહરુએ બિનજોડાણની વિદેશનીતિ દ્વારા અનેક પ્રસંગોએ શાંતિની સ્થાપના માટે પ્રયત્નો કર્યા. નાના અને નબળાં રાષ્ટ્રોને બિનજોડાણના સંગઠનમાં જોડીને શાંતિ માટેના ભરપૂર પ્રયત્નો કર્યા. દરેક પ્રયાસ સફળ થયો એવું પણ નથી પાકિસ્તાન અને ચીનના પ્રશ્નોમાં આજે પણ ઉકેલની કોઇ આશા દેખાતી નથી.

તેમ છતાંય આંતરરાષ્ટ્રીય સંબંધોના પરિપ્રેક્ષ્યમાં ગાંધી મૂલ્યોની કિંમત જરાય ઓછી થઇ નથી. એનું જીવંત ઉદાહરણ તે ગાંધીના જન્મદિવસે યુ.એન.ઓ. દ્વારા આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ[3] તરીકે મનાવવામાં આવી રહ્યો છે. કોઇપણ રાષ્ટ્રની વિદેશનીતિ રાષ્ટ્રના મૂળભૂત હિતોની રક્ષા અને સંવર્ધનના હેતુ માટે ઘડવામાં આવતી હોય છે.પંડિત નેહરુની વધારે પડતી આદર્શવાદી-ઘેલછાભરી નીતિને કારણે પડોશી રાષ્ટ્રો સાથેના સંબંધો આજેય મીઠા રહી શક્યા નથી. અહીં આપણને સરદાર વલ્લભભાઇ પટેલની યાદ આવે એ સ્વાભાવિક વાત છે.

વિદેશનીતિની બાબતમાં સરદાર પટેલનો દૃષ્ટિકોણ ખૂબ જ સ્પષ્ટ અને વાસ્તવિક રહ્યો છે. રાષ્ટ્રના હિતોની રક્ષા માટે અને રાષ્ટ્રમંડળમાં સભ્યપદ મેળવવા માટે વલ્લભભાઇના પ્રયત્નો જોરદાર રહ્યા.[4]

ચક્રવર્તિ રાજગોપાલાચારીએ લખ્યું છેઃ સરદારને વડાપ્રધાન અને નેહરુને વિદેશમંત્રી બનાવાયા હોત તો વધારે સારું થાત. તેઓ વધુ જીવ્યા હોત તો જરૂર વડાપ્રધાન બનાવવામાં આવ્યા હોત. અને તો ભારતમાં કાશ્મીર, તિબેટ, ચીન અને અન્ય વિવાદોનો અંત આવી ગયો હોત.'[5]

તિબેટના પ્રશ્ન પર ચિંતાપૂર્વક વિચાર કરી રહેલા સરદારે 8મી નવેમ્બર 1950ના દિવસે નેહરુને એક પત્ર લખ્યો છે,[6] ચીનીઓનું છેલ્લું પગલું તો વિશ્વાસઘાત સિવાય બીજું કંઇ નથી. કરુણ વાત એ છે કે તિબેટના લોકોએ આપણા પર વિશ્વાસ મૂક્યો, એમણે આપણી દોરવણી સ્વીકારવાનું પસંદ કર્યું. અને આપણે એમને ચીનની કૂટનીતિ અથવા ચીની દુષ્ટતાના પાશમાંથી છોડાવી શકયા નથી... આપણે આપણી જાતને ભલે ચીનના મિત્ર માનતા હોઇએ, ચીનાઓ આપણને એમના મિત્ર માનતા નથી. પેકિંગમાં આપણા એવા એલચી છે જે મૈત્રીપૂર્ણ દૃષ્ટિબિંદુ રજુ કરવા માટે અત્યંત અનુકૂળ છે પણ એ ખૂદ પણ ચીનાઓનો મત પલટાવવામાં નિષ્ફળ ગયેલા દેખાય છે. ચીનાઓનો આપણી ઉપરનો છેલ્લો તાર, તિબેટમાં ચીની સૈન્યોના પ્રવેશ માટેનો આપણો વિરોધ જે રીતે બે ચાર શબ્દોમાં ઉડાવી દીધો છે તે જોતાં અને વળી આપણું વલણ વિદેશી અસરોથી નક્કી થયેલું છે. એવો એમનો બેફામ આડકતરો કટાક્ષ જોતાં ઉઘાડી તોછડાઇનું પગલું છે. એમ દેખાય છે કે જાણે આ ભાષામાં કોઇ મિત્ર નહીં પણ કોઇ ભાવિ દુશ્મન બોલી રહ્યો છે. સદીઓ પછી પહેલી જ વાર ભારતના રક્ષણ માટે બે મોરચે એક સામટું ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. આપણા રક્ષણના પગલાં અત્યાર સુધી પાકિસ્તાન ઉપર સરસાઇ રાખવાની ગણતરી ઉપર રચાયેલાં રહેતાં. હવે આપણી ગણતરીઓમાં ઉત્તર અને ઇશાનમાં સામ્યવાદી ચીનને પણ લક્ષમાં લેવું પડશે. આપણા ઉત્તરના અથવા ઇશાનના પ્રવેશ દ્વારો નેપાળ, ભૂતાન, સિક્કીમ, દાર્જિલીંગ વિસ્તારો છે. સંદેશા વ્યવહારની દૃષ્ટિએ નબળાં સ્થાનો છે. સંરક્ષણની સળંગ હરોળો ત્યાં નથી.

સરદાર પટેલની દૃષ્ટિએ કેટલાક પ્રશ્નોના તાત્કાલિક ઉકેલની જરૂરિયાત જણાવવામાં આવી છે.

1. ભારતની સરહદ પર અને આપણી આંતરિક સલામતિ પર ચીનના જોખમ અંગે જાસૂસી મૂલ્યાંકન, દળોની તાકાતનું મૂલ્યાંકન મારી પોતાની લાગણી એવી છે કે આપણે શસ્ત્રો, દારૂગોળો અને બખતરીયા વાહનોનો આપણો પૂરવઠો પાકો નહીં કરીએ તો આપણે સંરક્ષણની નીતિ કાયમ માટે નબળી બનાવી દઇશું.

ભારતના સંરક્ષણ વિષેની સરદાર પટેલની ચિંતા અને ચિંતનથી ધડો લઇને જવાહરલાલ નેહરુ તંદ્રાવસ્થામાંથી જાગ્યા હોત તો આજે સરહદી રક્ષણની બાબતમાં ભારત અસહાય દશામાં ન હોત- અને આપણે આપણા પ્રદેશો 1962માં ગુમાવવા ન પડ્યા હોત.

**પાદનોંધ**


1. Mahatma Gandhi is influence on India's foreign Policy, Rajiv Sikri, Publication- The Legacy of Gandhi: A 21st Century Perspective
2. Ibid
3. Ibid
4. चोपरा पी.एम., चोपरा प्रभा, (2010), आर्थिक एवं विदेशनीति-सरदार पटेल प्रभात प्रकाशन-दिल्ली-पृ.1.
5. चोपरा पी.एम., चोपरा प्रभा, उपयुक्त।
6. ભટ્ટ નરહરી સિદ્ધાર્થ, (2011), સરદારની વિચાર સૃષ્ટિ, જવાહરલાલ નેહરુ પર સરદારનો પત્ર કમિશ્નર યુવક સેવા અને સંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર, પૃ. 352-355.